# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૦૩ તા.૦૭.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૩/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી હરેકૃષ્ણ એન્ટરપ્રાઈઝ ના તમામ યુનિટ ધારકો

સબડીવીઝન: જામનગર રૂરલ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૨

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: ૨૯.૧૦.૨૦

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આલ્ફા ફીડર કોડ નંબર-૧૪ માં માઈક્રો મેન્યુફેક્ચરિંગ યુનિટો આવેલ છે. અને આ ફિડર માં દિવસ દરમિયાન અવરણવાર પાવર કાપવામાં આવે છે. જેથી કરી ને યુનિટ ધારકો ને કારીગરો નું મેન્ટેનન્સ વધી જાય છે અને યુનિટ ધારકો ને અશહ્ય બોજ નું ભારણ આવી જાય છે. જેથી કરી ને આ મંદી સમય માં યુનિટ ધારકો પરેશાન છે. જેની ફરિયાદ સ્વરૂપ માં રજૂઆત છેલ્લા ૨ વર્ષ થી જામનગર ની લોકલ ઓફિસ માં કરેલ છે.તેમ છતાં આજ દિવસ સુધી તેનું કોઈ સંતોષજનક નિરાકરણ આવેલ નથી.આ કોરણોસર અમારી પાસે બીજો વિકલ્પ ન હોવાથી હવે અમો ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,જુનાગઢ પાસે ફરિયાદ કરવા મજબુર થયા છીએ. આપ સાહેબશ્રી ને નમ્ર વિનતી સાથે અમારી ફરિયાદ નું જેમ બને તેમ નિવારણ કરીને અમારા

મેન્યુફેક્ચરિંગ યુનિટ માં વીજ પાવર કટ થવાને કારણે થતાં નુકશાન અટકાવવા માટે આ વિકટ પ્રશ્ન નો નિવારણ લાવવા નમ્ર વિનતી.આ પ્રશ્નો નો ઉકેલ લાવી આપશો એવી તમામ યુનિટ ધારકો ની અપેક્ષા.અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી ની રજુઆત મુજબ જણાવવાનું કે અરજદાર હરે કૃષ્ણ એન્ટરપ્રાઈજ ના તમામ યુનિટ ધારકો દ્વારા ફોરમ સમક્ષ તા.૨૮.૦૯.૨૦૨૦ ના રોજ ફરિયાદ અરજી કરેલ છે.

૨.૧ સદરહુ ગ્રાહકશ્રી દ્વારા હરે કૃષ્ણ એન્ટરપ્રાઈજ ના તમામ યુનિટ ધારકો વતી શ્રી હસમુખભાઈ બાવજીભાઈ મુંગરા તેઓ ગ્રાહક્શ્રીની રજુઆતનાં આધારે અત્રેની પેટા વિભાગીય કચેરી કક્ષાએથી તેમની રજુઆત મુજબ આ વિસ્તાર માં અવાર નવાર વીજ પાવર બંધ અન્વયે જણાવેલ છે કે, હાલ દરેડ ગામ માઠી આવેલ આલ્ફા ફિડર માઠી પાવર સપ્લાય આપવા માં આવે છે. આ ફિડર નું હાલ તાજેતર માં નવું ૬૬ કેવી ચેલા સબ સ્ટેશન ચાલુ થવાનું હોય તેમાં આ આલ્ફા ફિડર ના વિસ્તારો નું વિભાજિત કરી તેમાથી ૧) ૧૧ કેવી આલ્ફા જ્યોતિગ્રામ ફિડર ૨) ૧૧ કેવી સરદાર જ્યોતિગ્રામ ફિડરો ના વિભાજન થવાથી આ ફિડર માં પાવર બંધ થવાને લીધે થી પડતી મુશ્કેલી ઓ મહદ અંશે નિવારી શકાશે.આ ૬૬ કેવી એક માસ માં ચાલુ કરવાનું હોય આ અંગે રજુઆત કર્તા વતી હાજર રહેલ પ્રતિનિધિ શ્રી હસમુખભાઈ મુંગરા ને સમજાવેલ છે.આમ, અરજદારની વીજ પાવર વારંવાર જવા બાબતની રજુઆતનું નિરાકરણ થયેલ છે.

૨.૨ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની પેટા વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ- ૨૦.૧૦.૨૦૨૦ નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની જામનગર રૂરલ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જામનગર રૂરલ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૦.૧૦.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએ થી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |